સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લોન લઈને છૂ થનારા પર, કોઈનો કાબૂ નથી!
દારૂબંધીમાં હેરાફેરી પર કોઈનો કાબૂ નથી!
કાબૂ નથી, ધાક-ધમકી દેનારા કાર્યકરો પર
પેટ્રોલ-ડિઝલના ભાવ પર, કોઈનો કાબૂ નથી!
(બેકાબૂ તંત્રમાં સૌને છૂટી લગામ)

સત્તાના અન્ધો
કાયદો અને ન્યાય -
બંને બેકાબૂ!!

લ્યો! ચાલુ કરો -
સામુહિક રસોડાં -
ગેસ છે મોંઘો!

(શ્રી સરકારે ભાવવધારા સામે હાથ ઊંચા કરી નાખ્યા!)

હાઈકુ

ચિંતન

અધમા ધનમિચ્છન્તિ ધનં માનં ચ મધ્યમાઃ ।
ઉત્તમા માનમિચ્છન્તિ માનો હિ મહતાં ધનમ્ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે લોકો સંસારમાં કેવળ ધનની ઈચ્છા કરે છે. તે અધમ, નીચ કોટિના હોય છે. મધ્યમ શ્રેણીના લોકો ધન અને સમ્માન બંનેની ઈચ્છા રાખે છે અને ઉત્તમ કોટિનો મનુષ્ય કેવળ આદર સમ્માનની ઈચ્છા રાખે છે.

મધ્યમ શ્રેણીના લોકો ધનની પ્રાપ્તિ માટે માન સમ્માનને દાવ પર નથી લગાડતા. નાની શ્રેણીના લોકો અન્ય બધી વાતોને ભૂલીને ધનની પ્રાપ્તિ પાછળ પડે છે. ઉત્તમ કોટિના લોકો મહાત્વા હોય છે અને તેમના માટે ધનનું વિશેષ મહત્વ નથી હોતું.

સુવિચાર

- બુદ્ધિ આંજવાનું કામ કરે, જ્ઞાન માંજવાનું કામ કરે, હૃદય ભીંજવવાનું કામ કરે - **ધર્મલોક**
- ધિક્કારથી જીતવા કરતાં વાસ્સલ્યથી હારી જવું તેમાં જીત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીભથી શીખવે તે પંડિત, જીવનથી શીષવે સંત - **સૂર્યકાંત પંચાલ**
- નિરુત્સાહી અને નિરાશાવાદી વ્યક્તિ મડદાં સમાન છે,
  માત્ર સ્મશાનયાત્રા બાકી છે - **મનુભાઈ પંચોળી**
- નિયમથી ચાલે એને નિયતિ પણ નમે - **મોરારિ બાપુ**
- અતિ પરિચય અને અતિ પરિગ્રહ મનની અશાંતિનાં કારણો છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : દૂધની મલાઈ સાથે મિંઢળ ઘશીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક દોઢ ડાહ્યા સંતે એક ખેડૂતને ઘેર જઈને ભેંસનું તાજું દૂધ માંગ્યું. ખેડૂતની સ્ત્રીએ ભેંસ દોહી લોટો ભરીને પ્રેમથી દૂધ આપ્યું. દોઢ ડાહ્યા સંતે દૂધ કમંડળમાં ભર્યું અને ખેડૂત પત્નીને પૂછ્યું, 'આપનું ફળ્યું નાનું છે અને ઝાંપો પણ સાવ નાનો છે અને આપની આ ભેંસના શિંગડા મોટા છે. એટલે જયારે તમારી આ ભેંસ મરશે તો એને આ સાંકડા ઝાંપામાંથી કેવી રીતે કાઢશો?'

આ શબ્દો સાંભળીને ખેડૂત સ્ત્રીને ક્રોધ ચડ્યો. તે હાથમાં ધોકો લઈ સંતને મારવા દોડી. ચોરામાં વડીલોએ સંતને દોડતા જોયા અને કમંડળમાંથી દૂધ ઢોળાતું હતું. એટલે ચોરામાં બેઠેલા વડીલે કહ્યું, 'આ દૂધ ઢોળાય છે મહારાજ' સંતે કહ્યું, 'અરે ભાઈ! એ તો મારી ચતુરાઈ ચૂવે છે!!'

સંતને કેવળ દૂધ સાથે જ મતલબ હતો. ભેંસના શીંગડા સાથે કોઈ લેવા દેવા ન હતી. દોઢ ડાહ્યા સંતની આવી ચિંતા વ્યર્થ હતી. 'એ તો ભેંસના શીંગડાં ભેંસને ભારે !! સંતને શું ?' એ વાત એને ન સમજાવાથી તેણે વાણી અને બુદ્ધિનો દુરુપયોગ કર્યો અને તેથી તે અપમાનિત થયો.

ચાલો આપણે પણ રસી મુકાવી દઈએ

તંત્રીસ્થાનેથી...

સિનિયર સિટીઝન નરેન્દ્ર મોદીએ દિલ્હીની ઑલ ઈન્ડિયા મેડિકલ સાયન્સ ઈન્સ્ટિટયુટમાં જઈ વહેલી સવારે સાડા છ વાગ્યે આમ આદમીની જેમ કોરોનાની બાયોટેક દ્વારા વિકસિત કો વેકસીન લઈ એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. પહેલી માર્ચથી શરૂ થનાર સિનિયર સિટીઝન અને પિસ્તાળીસ વર્ષથી ઉપરના 'કો-મોર્બિડ' અર્થાત્ ગંભીર બિમારીઓથી પીડાતા નાગરિકોને કોરોના રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સૌથી પહેલી રસી ખુદ દેશના વડાપ્રધાને કશા પણ હોદ્દાકીય તામઝામ વગર હોસ્પિટલ ખાતે પહોંચી જઈને લીધી એટલું જ નહીં, તેઓ પ્રોટોકોલ મુજબ અડધો કલાક ઓબ્ઝર્વેશન રૂમમાં રોકાયા પણ ખરા. આ ઘટના ભારતીય પ્રજા અને મીડિયા માટે પ્રોત્સાહક રહી તો વળી પ્રકૃતિથી શંકાશીલ વિપક્ષોને એમાંથી પણ છિદ્રો શોધવાની ચેષ્ટા કરી. કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે મોદીએ હવે કોરોના રસી લેવામાં જોખમ નથી એવી ખાતરી થયા પછી જ રસી લીધી છે. તો વળી ઓવૈસીને એમ લાગ્યું છે કે જર્મન વૈજ્ઞાનિકોએ કોવિશીલ્ડ રસીને ફક્ત ૬૪ વર્ષ સુધીના લોકો માટે જ કામયાબ માની હોઈ મોદીએ કો-વેકસીન લેવાનું પસંદ કર્યું હોવું જોઈએ. મલ્લિકાર્જુન ખડગેએ તો ધરાસ રસી લેવાની જ ના પાડી દીધી. અને જાણે યુવા પેઢી પર ઉપકાર ચઢાવતા હોય એમ કહ્યું કે હું તો સિત્તેરની વય વટાવી ચૂક્યો છું એટલે હવે મને બચાવવા કરતાં દેશનાં યુવાનોને રસી આપી કોરોનાથી બચાવો. ટૂંકમાં કોઈ વિપક્ષી આગેવાન પાસે છેવાડાના માણસના ગળે ઊતરે એવું લોજિક નથી. આને જ કહેવાય બુદ્ધિનું દેવાળું. નરેન્દ્ર મોદી રસી લેવાની અપીલ કરતા રહે છે તો સૌથી પહેલાં જાતે કેમ નથી લેતાં ? - એવા પ્રશ્નો પણ વિપક્ષો જ કરતા રહ્યા છે. પરંતુ મોદીએ તો સૌથી પહેલા તક કોરોના વોરિયર્સને આપી; એ પછી તમામ ડૉકટરોને રસીકરણનો લાભ મળ્યો. વિપક્ષો એમ માનતા હતા કે બિચારા મેડિકલ - પેરામેડિકલ સ્ટાફ કે પોલીસવાળાએને મોદી બલિના બકરા બનાવી પહેલાં ખાતરી કરી લેવા માગે છે કે રસીકરણ સલામત છે કે નહીં! જો એમની દાનત સાફ હોત તો ઈંગ્લેન્ડનાં રાણી કવીન એલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપ કે અન્ય વૈશ્વિક નેતાઓની જેમ એમણે જ સૌથી પહેલાં રસી લગાવડાવી હોત! આ દલીલ કેટલી વાહિયાત હતી અને ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓએ વિકસાવેલી વેક્સીન કેટલી સલામત હતી એ મોદીએ જાતે જ અદના સિનિયર સિટીઝનની જેમ આગળ આવી એમ્સ ખાતે મુકાવેલ રસીથી ચોખ્ખુ થઈ ગયું છે. મોદીને રસી મૂકનારી એમ્સની સિનિયર નર્સ પુડુચેરીની વતની છે, મોદીએ આસામનો ખેસ ધારણ કરેલો હતો અને બીજી નર્સ કેરળની હતી -એ બધી બાબતોનું યોગાનુયોગ ન ગણતા આગામી દિવસોમાં આ રાજયોમાં આવી રહેલી ચૂંટણી સંદર્ભે સૂચક માનવામાં આવે છે! ભારતીય રાજકારણ પર એક કયારેય પૂરી રીતે ન ઉકલે એવી 'પહેલી' (સમસ્યા) છે. મોદીની જેમ સિનિયર સિટીઝનોની હરોળમાં પહેલાં જ દિવસે શરદ પવાર, વેંકૈયા નાયડુ, અમિત શાહ અને એસ. જયશંકર જેવા નેતાઓએ રસી મુકાવી છે. ગુજરાતમાં એ લહાવો મુખ્યમંત્રી વિજય રૂપાણી નથી લઈ શક્યા કારણ કે તેઓ થોડા દિવસ પહેલાં જ કોરોના સંક્રમણથી મુક્ત થયેલ છે. જો કે એમનાં પત્ની અંજલીબહેન એ તક ચૂક્યાં નથી. મોદીએ રાજકારણીઓ વિશે કરેલો કટાક્ષ પણ સમજવા જેવો છે. રસી મૂકનાર નર્સોને એમણે કહ્યું કે કે રાજકારણીઓ જાડી ચામડીના હોય છે એટલે જરા ઢોરોને ઈંજેકશન આપવા વપરાતી જાડી સોય વાપરજો ! પોતાની જાત પર હસવાની મોદીની આ ક્ષમતા એમને એવરેજ રાજકારણીઓની જમાતથી જુદી જ ભૂમિકાએ સ્થાપે છે. સંસ્કૃતમાં એક ઉક્તિ છે. મહાજનો યેન ગતા સ પન્થા : - મોટા માણસના પગલે પગલે ચાલવું ! ચાલો, હવે આપણે પણ અફવાઓ પર ધ્યાન આપ્યા વગર વારો આવે ત્યારે રસી મુકાવી દઈએ - મોદીને કંઈ નથી થયું એમ આપણને પણ કોઈ જ સાઈડ ઈફેક્ટ કે રિએકશન નહીં આવે!

'ઓહ! આ તે કેવી જિંદગી થઈ ગઈ...

નવાં કલેવર
નટવર હેડાઉ

'ઋષિ, સ્કૂલબેગ તૈયાર કરી.'

'હાં' મમ્મી, 'ગ્લબ્સ પહેરી લે.'

'સારું મમ્મી.'

'કોઈની સાથે હાથ મિલાવતો નહીં'

'ઓ.કે. મમ્મી.'

નોટબુક ચેક કરાવ્યા પછી સેનેટાઈઝ કરી લેજે.

'કરી લઈશ મમ્મી' ઋષિ ખિજાઈ રહ્યો હતો. 'તારી પેન કોઈને આપતો નહીં' સમજી ગયો મમ્મી... વાતમાં માસ્ક ઉતારતો નહીં. બારી પાસે જ બેસજે.' ઋષિની મમ્મી દેવલબેન સમજાવતાં હતા. 'હાથ સેનેટાઈઝ કરતો રહેજે અને પાણીની બોટલ સાથે જ રાખજે.'

'જી, મમ્મી...'

'મમ્મી, પપ્પાને કહી દેજે કે કાલે સારામાનું હેડ શિલ્ડ લઈ આપે. બ્રાન્ડેડ.'

કાલે વ્રજ પહેલીને આવેલો બહુ સારું લાગતું હતું.

'ભલે મંગાવી લઈશ, તારી વાન આવી ગઈ, જલ્લી ચાલ.'

વાનમાં તેના મિત્રો વ્રજ અને કુંજ માસ્ક લગાવીને બેઠા હતા. ત્રણે એકબીજાને જોવા લાગ્યા. જરા હસ્યા... પણ તેમનું સ્મિત માસ્કમાં છૂપાયેલું હતું. આંખો જરૂરથી ચમકતી હતી.

પ્રાર્થના તો થઈ જ નહીં. જે વખતે બધા ભેગા મળી એક બીજાની મજાક મસ્તી કરતા. વળી એ વખતે લાઈનમાં ઊભા રહેવામાં ધક્કામૂક્કી થતી.

કલાસરૂમમાં પણ કંઈક જુદું જ લાગતું હતું. એક બેન્ચ પર એક છોકરાને બેસાડ્યો હતો. થોડીવાર ભણાવન્યા પછી મેડમ નોટબુકો ચેક કરવા માંડી. એક નોટબુક ચેક કરે પછી સેનેટાઈઝ કરે. ફરી બીજી નોટબુક હાથમાં લે. પીરીયડ પુરો થતાં સુધી બધી બેન્ચીસ પર જ બેસી રહ્યા.

પોતાની બેન્ચ છોડીને કોઈએ આડાઅવળા જવાનું નથી. પ્રિન્સિપાલ તરફથી વારંવાર સૂચના મળી હતી. કલાસ બેઠેલ સૌ માસ્ક લગાડેલ એકબીજાના ચહેરા જોતા હતા. વાત પણ માસ્ક લગાવીને જ થતી હતી. તેથી અવાજ પણ કંઈક જુદો જ આવતો હતો. આંખોથી વાત થઈ હતી. પહેલાની જેમ જોક્સ પર સામે તાળી આપી શકાતી ન હતી. રીશેષમાં બધા પોતપતાનું લંચ બોક્સ ખોલી ખાવા લાગ્યા. એકબીજાને આપવાનું બંધ હતું. ખાવાનું પણ પહેલાં જેવું જાત જાતનું નહોતું. સાદું ખાવાનું મનવગર બધા ખાતા હતા. બીજાના લંબબોક્સને હાથ લગાડવાની પણ મનાઈ હતી.

'વ્રજ મગ-ભાત લાવ્યો હતો. તેની મમ્મી મગનું ખાટું શાક-ભાત બહુ સરસ બનાવે છે, પછી ખવાય કઈ રીતે? મમ્મીને ના પાડેલી છે. ઋષિ નિરાશ થયો. કુંજને તરસ લાગી હતી. તે આજ પાણીની બોટલ ભૂલી ગયો હતો. કોઈ પાસે માંગી શકાય તેમ પણ ન હતું. બહારનું પાણી કોણ જાણે કેવું હોય?'

મેદાનમાં છોકરાઓ આમતેમ બેઠા હતા. સોશિયલ ડિસ્ટન્સીંગને કારણે અડધાંને રજા હતી. ધમ્માચકડી કયાંય દેખાતી ન હતી. પ્રિન્સિપાલ સર, વારંવાર ટોકતા હતા. આમતેમ ઉભા ન રહો. ટોળે ના વળો. માસ્ક નાકના નીચે હોવું ન જોઈએ. આ કોરોના તો જાણે વિલન થઈને આવ્ય છે. બધાને એમ લાગતું હતું.

બીજા દિવસે સવારે ઋષિને તેની મમ્મી જગાડતી હતી. 'મમ્મી આજ તો મારે રજા છે.' હાં મને ખબર છે પણ ઓનલાઈન કલાસ ચાલુ છે. ચાલ તૈયાર થઈ જાય. ઋષિને કંટાળો આવતો હતો. છતાં તૈયાર થયો. બારીની બહાર જોયું. માસ્ક મોં પર લગાડી લોકો પોતપોતાની દિનચર્યામાં વ્યસ્ત હતા. વાતાવરણમાં ગમગીની હતી. બધા જાણે કોઈ બંધનમાં બધાયેલા અને તેમાંથી છૂટવા તરફડીયા મારતા હતા. બધું યંત્રવત્ ચાલતું હતું. હાથ સારી રીતે છુઓ, સાંજે ઉકાળા પીઓ, આઈસ્ક્રીમ ખાવાની નથી. કોલ્ડ્રીન્કસ પણ નહીં પીવાનું, ઈમ્યુનિટી માટે લીંબુ પાણી પીઓ, બગીચામાં રમવા નથી જવાનું, દોસ્તો ને મળવાનું પણ નથી.

'ઓહ! આ તે કેવી જિંદગી થઈ ગઈ. ઋષિએ નિઃસાસો નાંખ્યો.' હોમવર્ક કર્યા પછી મોબાઈલ ગેમ કેટલીવાર સુધી રમવી. ક્રિકેટ રમવાની ઈચ્છા થાય છે. બગીચામાં મિત્રો સાથે ફરવા મોજ-મસ્તી કરવા જવું છે.

'કાલે ઠંડુ કોલ્ડ્રીંક્સ પીધું હતું. આજે બીક લાગે છે. કયાંક ગળું ખરાબ થઈ ન જાય. વારંવાર કપાળે હાથ મૂકી જોઉં છું તાવ તો નથી ને?' સહેજ ઉધરસ આવી તો આવી જ બન્યું. મમ્મી કેટલુંય બોલશે. વિચારવાનું ચાલું જ હતું. ટીવીના ન્યૂઝ માહિતી ઓછી અને ડર વધારે ફેલાવતા.

'વેકસીન આવી ગઈ છે તેનાથી પપ્પા ખુશ હતા. હવે રાહત મળશે. પણ આ વેકસીન કઈ રીતે બનતી હશે?' ઋષિના મગજમાં ઉથલપાથળ થઈ રહી હતી. સ્કૂલ બેગથી લઈ બધે વેકસીનની ચર્ચા હતી. એકાએક બધા એડવર્ડ જેનર અને એલેકઝાન્ડર ફ્લેમિંગ પોતાના અંદર અનુભવતા હતા. પણ ઘેર જતાં મોબાઈલ ગેમમાં બધું ભુલાઈ જતું હતું. અંદરના સાયન્ટીસ્ટ ગુમ થઈ જતા. 'છોડો ને યાર, આ કોરોના - બોરોના જાય ખાડામાં' ઋષિ જરા હસ્યો.

બેઠક રૂમમાં જઈ ટીવીનો અવાજ આવતો હતો. 'માનવે પ્રકૃતિને પરેશાન કરી, તેને ખૂબ નુકશાન પહોંચાડ્યું છે. હવે પ્રકૃતિ એ દુઃખી થઈ બધા લોકોને તેમના પોતાના જ ઘરમાં નજરકેદ કરી દીધા છે. આજ માણસ પોતાનો જીવ બચાવવા અને બહાર નીકળવામાં લાચારી ભોગવી રહ્યો છે.'

આ સાંભળી ઋષિને દુઃખ થતું. તેણે બેઠકરૂમમાં જઈ રીમોટથી ટીવી બંધ કરી દીધું અને સોફા પર આડો પડીને વિચારવા લાગ્યો. 'વાત તો સાચી છે.'

આપણાં ઉપરનું સ્નેહીજનનું ઋણ મૂલ્યથી પર હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

વિખ્યાત ફિલ્મ અભિનેતા ધર્મેન્દ્ર સિત્તેરનાં દાયકાનાં શરૂઆતના વર્ષોમાં ફિલ્મ ઉદ્યોગમાં સ્થિર થવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. એ સમયે તેઓ ઘણાં નિર્માતા-દિગ્દર્શકો પાસે કામ માંગવા માટે જતાં અને તેમાનાં એક હતાં વિખ્યાત દિગ્દર્શક બિમલ રોય. (બિમલદા-૧૯૦૯-૧૯૬૬) બિમલદા ફિલ્મ ઉદ્યોગમાં એક મોટું નામ જેમની સાથે કામ કરવું એક ગૌરવ ગણાતું. બિમલદાએ પોતાની એક નવી ફિલ્મની જાહેરાત કરી. ધર્મેન્દ્રને એ ખબર મળ્યા એટલે તરત જ પહોંચી ગયા બિમલદા પાસે. એ સમયે ધર્મેન્દ્ર ''શોલા ઔર શબનમલલ્લ ફિલ્મમાં ભૂમિકા ભજવી રહયા હતાં અને એ ફિલ્મના ચારેક રીલ્સ તૈયાર થઈ ગયા હતાં. ધર્મેન્દ્રએ બિમલદાને તેમની નવી ફિલ્મમાં કામ આપવા વિનંતી કરી અને સાથેસાથે પોતાની તૈયાર થઈ રહેલી ફિલ્મનાં રીલ્સ જોવા માટે પણ આગ્રહ કર્યો જેથી બિમલદા ધર્મેન્દ્રની અભિનય ક્ષમતા જોઈ શકે. બિમલદા રીલ્સ જોવા માટે સમંત થયા.

''શોલા ઔર શબનમ''નાં દિગ્દર્શક રમેશ સેહગલે ધર્મેન્દ્રની વિનંતી સ્વીકારી નહીં. ધર્મેન્દ્રએ ફિલ્મનાં સંકલનકારને (ઈર્ઝ્રૈં) કોઈપણ રીતે મનાવીને બિમલદાને ચાર રીલ્સ બનાવ્યા. બિમલદા ધર્મેન્દ્રનાં અભિનયથી ખુશ થયા અને તેમને પોતાની નવી ફિલ્મમાં એક મહત્વની ભૂમિકા આપી. એ ફિલ્મ પ્રેક્ષકોને ગમી, વિવેચકોએ પણ વખાણી અને એ ફિલ્મને ઘણાં એવોર્ડસ પણ મળ્યા. એ ફિલ્મ થકી ધર્મેન્દ્રને બીજી ફિલ્મોમાં કામ મળવા લાગ્યું. થોડા જ વર્ષોમાં ધર્મેન્દ્રએ હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં પોતાનો પગદંડો જમાવી દીધો. બિમલદાની એ ફિલ્મ હતી ''બંદીની.'' એ ફિલ્મ પછી ધર્મેન્દ્ર માનતા હતાં કે બિમલદાએ તેમને એ ફિલ્મમાં ભૂમિકા આપીને તેમના ઉપર મોટો ઉપકાર કર્યો છે. ધર્મેન્દ્ર બિમલદાના એ ઉપકારને પોતાના ઉપરનું ઋણ માનતા હતા. આજે પણ ધર્મેન્દ્ર બિમલદાને યાદ કરે છે ત્યારે તેઓ ભાવવાહી બની જાય છે.

બિમલદાનું સન.૧૯૬૬માં અવસાન થયું. મૃત્યુ સમયે બિમલદાની એક મહત્વની ફિલ્મ અધૂરી હતી જેમાં ધર્મેન્દ્ર અને શર્મિલા ટાગોર મુખ્ય ભૂમિકામાં હતાં. બિમલદાનાં મૃત્યુ પછી તેમના પત્નિ મોનાબીના રોયે એ અધૂરી ફિલ્મ પૂરી કરવા માટે પ્રયત્નો આદર્યા પણ કોઈનો સહકાર મળતો ન હતો. એ ફિલ્મ સાથે સંકળાયેલા મોટાભાગનાં કલાકાર કસબીઓએ પોતાનાં મોં ફેરવી લીધા. શર્મિલા ટાગોરે પણ ફિલ્મને અલવિદા કહી દીધી. ફિલ્મ છોડી ગયેલા બધાની એક જ માંગણી હતી કે સૌ પ્રથમ તેમનાં બાકી નીકળતા નાણાં ચૂકવો પછી આગળ વધીએ. મોનાબીનાજી પાસે એ સમયે પૂરતા નાણાંની સગવડ ન હતી.

ધર્મેન્દ્રને આ વાતની ખબર પડી. ધર્મેન્દ્ર મોનાબીનાજીને એક દિવસ મળવા ગયા. ધર્મેન્દ્રને મળવા આવેલા જોઈને મોનાબીનાજી એવું માની બેઠા કે ધર્મેન્દ્ર પણ અન્ય લોકોની જેમ પોતાનાં બાકી નીકળતા નાણાં માંગવા માટે આવ્યા છે. ધર્મેન્દ્ર મોનાબીનાજીની મનોદશા પારખી ગયા અને તેઓ કંઈ કહે એ પહેલા જ ધર્મેન્દ્રએ તેમને એ ફિલ્મ પૂરી કરવા માટે જોઈતી નાણાકીય મદદ માટે તૈયારી બતાવી. ધર્મેન્દ્રએ મોનબીનાજીને નાણાકીય સહાય તો કરી જ ઉપરાંત શર્મિલા ટાગોર કે જેણે ફિલ્મ છોડી દીધી હતી તેમની જગ્યાએ સાયરાબાનુને એ ભૂમિકા માટે સમજાવી લીધા. એ ફિલ્મનુ દિગ્દર્શન કર્યું ઋષીકેશ મુખરજીએ જે બિમલદાના સહાયક દિગ્દર્શક રહી ચૂક્યા હતા. મોનબીનાજીની ખ્વાઈશ પૂરી થઈ. એ ફિલ્મ હતી ''ચૈતાલી''.

ધર્મેન્દ્રને સંઘર્ષનાં સમયમાં બિમલદાએ જે રીતે મદદ કરી અને તેને કારણે ધર્મેન્દ્રની કારકિર્દીમાં એક હકારત્મક વળાંક આવ્યો. એવી જ રીતે આપણાં જીવનમાં પણ બનતું રહેતું હોય છે. આપણને પણ કોઈને કોઈ સ્નેહી, સંબંધી, મિત્રોએ આપણને સાથ-સહકાર આપ્યો હોય, આપણને કોઈપણ પ્રકારની મુશ્કેલીમાંથી ઉગાર્યા હોય, તેમના થકી આપણે પગભર થયા હોઈએ કે તેના થકી આપણાં જીવનમાં હકારાત્મક વણાંક આવ્યો હોય. આપણાં સ્નેહી-સંબંધીએ આપણને આપેલા સાથ-સહકારને આપણે ભૂલી જઈએ તો? એ સ્નેહી-સંબંધીઓ પોતે મુશ્કેલીમાં હોય, તેમને મદદ કરવાની આપણી ક્ષમતા હોય તો પણ આપણે તેમનાથી મોં ફેરવી લઈએ તો? આપણાં ઉપર જેમનું ઋણ બાકી હોય. એ ઋણ ચૂકવવાનો સમય આવે, તેની તક મળે ત્યારે જ આપણે એ ઋણને વિસરી જઈએ તો? આવું થાય તો સ્વાભાવિક છે કે આપણાં એ સ્નેહી-સંબંધીને દુઃખ થાય, તેમને સારું ન લાગે અને આપણાં વર્તન-વ્યવહાર વિષે તેમને શંકાઓ થાય. આપણો વ્યવહાર તેઓને કદાચ ડંખે પણ ખરો.

બિમલદાના પત્નિ મોનાબીનાજીને ધર્મેન્દ્રએ જે રીતે મદદ કરીને બિમલદાનું ઋણ અદા કરવા પ્રયત્ન કર્યા એવી તક દરેકનાં નસીબમાં નથી હોતી. ધર્મેન્દ્રએ તો એ તક ઊભી પણ કરી હતી. આપણને પણ જ્યારે જ્યારે આ પ્રકારની, ઋણ અદા કરવાની તક મળે ત્યારે તે તક આપણે કોઈપણ ભોગે જતી ન કરીએ અને આપણે ઋણ અદા કરીએ તેઓ તો રાજી થશે, તેમને ખુશી થશે, તેમને મદદ મળવાથી રાહત થશે, કદાચ તેઓ પોતાના જીવનમાં ધન્યતા અનુભવશે. સ્નેહી-સંબંધીની ખુશી સાથે આપણને પણ ઋણ અદા કર્યાનો સંતોષ થશે અને તેનો આનંદ પણ થશે.

આપણાં સૌની એક માન્યતા કદાચ ખોટી છે કે કોઈપણ વ્યકિત પ્રત્યેનું ઋણ માત્ર આર્થિક સહાય દ્વારા જ ચૂકવી શકાય. ના, માત્ર નાણાં એ જ ઋણ ચૂકવવાનું માધ્યમ નથી. જે સ્નેહી-સંબંધી પ્રત્યે આપણું ઋણ અદા કરવાનું હોય તેઓની જરૂરિયાત, તેઓનાં સંજોગો અને આપણી ક્ષમતાના આધારે નાણાંકીય સહાય ઉપરાંત પણ અન્ય રીતે ઋણ અદા કરી શકાય.

ઋણની કોઈ માત્રા નથી હોતી. કોઈનું ઋણ આપણાં માથા ઉપર હોય તો તેની નાણાંના માધ્યમમાં ગણતરી ન થઈ શકે. ઋણ ચૂકવવામાં પણ એવું જ હોય છે. તેની ગણતરી પણ નાણાંના માધ્યમમાં ન થઈ શકે. આપણાં સ્નેહી-સંબંધીના સહકાર થકી આપણાં જીવનમાં જે કંઈ હકારાત્મક પરીવર્તન આવ્યું હોય તેની પણ નાણાંના માધ્યમમાં ગણતરી ન થઈ શકે, તેની કિમંત આંકી ન શકાય. આ કારણસર જ જ્યારે પણ આપણાં સ્નેહીજનનું ઋણ ચૂકવવાની તક મળે ત્યારે તેની નાણાંના માધ્યમમાં ગણતરી ન કરાય. કોઈપણ વ્યકિતનું આપણા ઉપરનું ઋણ મૂલ્યથી પર હોય છે એવી જ રીતે ઋણની ચુકવણી પણ કોઈપણ પ્રકારના મૂલ્યથી પર હોય છે. આપણી ક્ષમતા અને સ્નેહીજનની જરૂરિયાતને ધ્યાનમાં લઈને શ્રેષ્ઠ રીતે ઋણ ચૂકવીએ એ જ મહત્વનુ હોય છે.

કોઈપણ સ્નેહીનું આપણાં ઉપરનું ઋણ આપણને હંમેશા ભારરૂપ લાગતું હોય છે. એ ભાર જ્યાં સુધી ઉતરે નહીં ત્યાં સુધી આપણાં મનમાં કંઈક ડંખ્યા કરતું હોય છે. ઋણ ચૂકવાવની તક મળે ત્યારે જો એ ભાર આપણે ઉતારી ન શકીએ તો તેનો ડંખ આપણને પણ જીવનભર રહી જતો હોય છે. આવું ન થાય એટલા માટે ઋણ ચૂકવવાની આપણી ઈચ્છાને વધારે પ્રબળ બનાવીએ, તક મળે ત્યારે ધગશપૂર્વક એ તક ને ઝડપી લઈએ અને થોડી મુશ્કેલીઓ વેઠીને પણ આપણી ઈચ્છા પૂરી કરીએ, આપણો ભાર હળવો કરીએ. આમ કરવાથી આપણે હળવાફૂલ થઈને બાકીનું જીવન સંતોષપૂર્વક વિતાવી શકશું. આપણે ધન્યતા અનુભવી શકશું.

આપઘાત - એક સામાજિક મનોરોગ : તેનું નિવારણ કઈ રીતે થાય?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવન અને મૃત્યુ એ ઈશ્વરની પરવાનગી વિના શક્ય નથી. માનવ જીવન કેટલાય પુણ્ય બાદ પ્રાપ્ત થાય છે કે જયાં મનુષ્ય ઉમદા રીતે જીવીને મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે. સમાજ આપણા બધા નો છેવટે તો સરવાળો છે! દિવસ પછી રાત્રી અને સુખ પછી દુઃખ આ મુજબ જીવનનું સમયચક્ર અવિરત ચાલતું જ રહે છે. રામચરિત માનસની ચોપાઈમાં જણાવ્યા મુજબ છ બાબતો કુદરતની મરજી મુજબ થાય છે. તેથી તેનો શોક કે અફસોસ કરવો નહીં - આમાં જન્મ મરણ, જશ-અપજશ, લાભ અને હાનિનો સમાવેસ થાય છે પરંતુ આ બધી જ બાબતો વિશે માનવ ને શ્રદ્ધા રહેતી નથી અથવા તેનું વિચારવું પોતાના બળ અને અહં ઉપર જ રહે જ રહે છે. તેથી ખરાબ સમયમાં તે ડગમગી જાય છે. નરસિંહ મહેતાના પદમાં પણ એવું કહેવામાં આવ્યું છે કે સુખ-દુખ મનમાં ના આણીએ એ તો રઘુનાથના જડેલા છે! ધીરજ રાખી, વિચારીને, સમજીને જીવનની નાવ હંકારવામાં આવે તો તે અકાળે ડૂબી જતી નથી બાકી તો બધું અંતે ઈશ્વરના હાથમાં સુકાન રહે છે. હાલમાં જ અમદાવાદની એક મહિલા એ દિલ હચમચી જાય તેવો વીડિયો બનાવીને તે મુજબ પોતાની જાતને નદીમાં ઝપલાવી જિંદગીનો અંત લાવી દીધો. આઈશા અને આરિફની અલ્લાહ ઉપર પણ કોઈ રહેમ માટે ધીરજ ના રાખી અથવા આઈશા જીવનનાં સંકટ કે આપદા સામે ઝઝૂમતા અંત તેણીએ મોતને વહાલું કર્યું! આ ઘટના બાદ દરેક સંવેદનશીલ નાગરિકને લાગી આવ્યું. સવાલ એ જ છે કે શું આપઘાત એ કોઈ ઉપાય હોય શકે ? જીવન તો અમૂલ્ય જ છે છતાં વ્યક્તિ શા માટે હારી ને અથવા નિરાશ થઈને જીવન ને સમાપ્ત કરી દે છે? આપઘાતના વિષયનું વિશ્લેષણ કરવામાં આવે તો તેના કારણો પુષ્કળ હોય છે જેમ કે હતાશા, નિરાશા, અસાધ્ય રોગ, પરીક્ષા કે પ્રેમમાં નિષ્ફળતા, બેકારી, પારિવારિક કલેશ, ખાસ વ્યક્તિનાં નિધન, આર્થિક નુકશાની, દહેજ જેવી માંગણી વગેરે... આ બધામાં સહન કરનાર વ્યક્તિની સ્થિતિ નબળી પડે અથવા ઘણી વાર વાસ્તવિકતા ને સ્વીકારવાની ક્ષમતા વધુ પડતી અપેક્ષા સામે ટૂટી જાય ત્યારે જિંદગી જીવવાની તમન્ના જ મરી જાય ત્યારે માણસ સ્વયં ઉપરનો કાબુ ખોઈ બેસે છે.

પ્રત્યેક ઈન્સાનની નાનકડી આત્મકથા આ નીચેના શેરમાં રજૂ થઈ છે.

લખી લખીને પણ કોરૂ રહી ગયું
મારી બધી સંવેદના નું આ પાનુ
ભીની કરી દે છે આ આખો
જયારે તેને વાંચુ છું છાનું છાનું

આજનો યુગ અતિ સ્પર્ધાત્મક છે. ઉપરાંત મહામારીએ ખુબ જ તણાવ ઊભો કર્યો છે. જેના લીધે આર્થિક બેહાલીનો એક ખરાબ સમય વિશ્વ અને ભારત સામે આવી ગયો છે. ઉપરાંત વધતી જતી આર્થિક સમસ્યાઓના કારણે તમામ ઘરના આંગણે ઉત્સાહ ઉમંગ હોશ ઘટી રહ્યા છે! વસતી વિસ્ફોટમાં બેકારી પણ વ્યાપક છે તો આર્થિક અસમાનતા પ્રતિદિન વધી રહી છે. આ સ્થિતિમાં જબરી હિંમત ધરાવનારા પણ પડી ભાંગે છે!! સફળતા અને નિષ્ફળતાની વચ્ચે જીવન રસ અને ખુશીનો ખજાનો રહેલો છે. છતાં માનવ ધીરજ ખોઈ બેસે છે અને કોઈ નબળી ક્ષણે એ જીવનના બોજાથી કાયમી મુક્તિ માટે આપઘાત કરી જાય છે. દિવસો બધા એકધારા કદી કોઈના જતા નથી એ જગત ઉપરનો સર્વ સ્વીકૃત નિયમ છે. પરંતુ આજની પેઢી ને ખુશી અને નિરાશા ખુબ ઝડપથી ઘેરી લે છે. ઉપરાંત બધાના સ્વપ્ન ખૂબ ઊંચા અને અમીર હોય છે તેની સામે હકીકતની દુનિયા કંઈક જુદી જ છે. એટલે વૈચારિક રીતે જીવનમાં ઉમં